# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*******************************************

- લોકસભામાં કેન્દ્રિય અંદાજપત્ર અંગેની ચર્ચા આજે હાથ ધરાઇ.
- દેશના 30 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાલમાં **410** વિશેષ પોક્સો અદાલત સહિત **755** વિશેષ ફાસ્ટટ્રેક અદાલત કાર્યરત્ છે.
- ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1 હજાર 470 ટકાનો વધારો નોંધાયો છે.
- ભારતે કેનેડાની ધરતી પરથી કાર્યરત ભારત વિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવા કેનેડા સરકારને અનુરોધ કર્યો છે.
- બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે ફસાયેલા 6 હજાર 700થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અત્યાર સુધી સ્વદેશ પરત આવ્યા છે.
- શ્રીલંકામાં યોજાઇ રહેલ મહિલા એશિયા કપ ક્રિકેટ સ્પર્ધાની સેમિફાઇનલ મેચ આવતીકાલે પહેલી સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો થશે.

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV-EVE-LS-BUDGET-DISCUSSION

લોકસભામાં કેન્દ્રિય અંદાજપત્ર અંગેની ચર્ચા આજે હાથ ધરાઇ છે. આ ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના ચરણજીતસિંહ ચન્નીએ બજેટ લોકો માટે નિરાશાજનક હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે, આ બજેટમાં પંજાબના પૂરથી અસરગ્રસ્ત લોકો માટે કોઇ જોગવાઇ નથી.

શ્રી ચન્નીના નિવેદન બાદ સત્તાધારી પક્ષના સભ્યો અને શ્રી ચન્ની વચ્ચે ઉગ્ર ચર્ચા થઇ હતી. ભાજપના વિજયંત પાન્ડાએ કેન્દ્રિય અંદાજપત્રને દેશને પ્રગતિના પંથે લઇ જવા જરૂરી સુધારાવાળું ઐતિહાસિક અંદાજપત્ર ગણાવ્યું હતું. તેમણે કહ્યુ કે, ભારતે વિશ્વના ઝડપથી વિકસતા અર્થતંત્રમાં સ્થાન મેળવ્યું છે. કોંગ્રેસના હીબી એડને આક્ષેપ કર્યો હતો કે, મનરેગા માટેની ફાળવણીમાં વધારો કરાયો નથી. કેન્દ્રિય અંદાજપત્ર પરની ચર્ચા હાથ ધરાઇ રહી છે.

# SC-LOK-ADALAT

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્નાએ લોકઅદાલતોને વિવાદોના વૈકલ્પિક ઉકેલની કરોડરજ્જુ સમાન લોકોની અદાલત ગણાવી છે. તેમણે કહ્યું કે, લોકઅદાલત પારંપારિક કોર્ટની બહાર વિવાદોના ઉકેલમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ન્યાયાધીશ ખન્નાએ આકાશવાણી સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં આગામી 29મી જુલાઇથી 3જી ઓગષ્ટ દરમિયાન યોજાનાર ખાસ લોકઅદાલતમાં સહભાગી થવા લોકોને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, સર્વોચ્ચ અદાલત દ્વારા યોજાનારી આ ખાસ અદાલતમાં વિડિયો કોન્ફરન્સીંગ માધ્યમથી સહભાગી થવાની સુવિધા છે. બધાને ન્યાય સુનિશ્ચિત કરવા સર્વોચ્ચ અદાલતે આ પહેલ હાથ ધરી છે.

# GOVT - FAST TRACK COURT

દેશના 30 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાલમાં 410 વિશેષ પોક્સો અદાલત સહિત 755 વિશેષ ફાસટ્રેક અદાલત કાર્યરત્ છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જૂનરામ મેઘવાલે આજે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યું કે, સરકારે દુષ્કર્મ અને જાતીય ગુનાઓથી બાળકોને બચાવવા માટે પોક્સો અધિનિયમ અંતર્ગત પડતર કેસનો નિર્ધારિત સમયમર્યાદામાં નિકાલ લાવવા માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના અમલમાં મૂકી છે. આ યોજના 31 માર્ચ 2026 સુધી લંબાવવામાં આવી છે. અને આ યોજના માટે 1 હજાર 952 કરોડ રૂપિયાનો

યોજનાકીય ખર્ચ કરાશે. ઉલ્લેખનીય છે કે, વિશેષ અદાલતોમાં અત્યાર સુધી 2 લાખ 53 હજારથી વધુ કેસનો નિકાલ કરાયો છે.

## SANSAD- AMIT SHAH

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને ધિરાણ અને અનુદાન સ્વરૂપમાં અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1 હજાર 470 ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આ મુજબ જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સહકારી મંડળીઓ અને સંઘોને NCDC દ્વારા પૂરી પડાતી નાણાકીય સહાયનો આંક 2021-22માં 37 કરોડ 40 લાખ રૂપિયા હતો, જે 2023-24માં વધીને 586 કરોડ 99 લાખ રૂપિયા પહોંચી ગયો છે. ગુજરાતમાં 82 હજાર 143 સહકારી મંડળીઓ નોંધાયેલી છે.

શ્રી શાહે ઉમેર્યું કે, મંડળીઓને સદ્ધર બનાવવા, ભારત સરકારે 2 હજાર 516 કરોડના કુલ નાણાકીય ખર્ચે હાલ કાર્યરત્ મંડળીઓના કમ્પ્યૂટરાઈઝેશન માટેના એક પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેના થકી દેશની તમામ કાર્યરત મંડળીઓ એક સમાન ERP આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર સાથે જોડાઈ જશે.

## LS POSTAL

દેશભરમાં અત્યાર સુધીમાં એક હજાર 13 ડાકઘર નિકાસ કેન્દ્ર તૈયાર કરાયા છે. લોકસભામાં આજે એક લેખિત જવાબમાં કેન્દ્રિય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી પી. ચંદ્રશેખરે કહ્યું કે, આ કેન્દ્રો સરહદને પાર ઈ-કૉમર્સની સુવિધા પૂરી પાડે છે. તેમ જ શ્રમિકો, વણકરો, શિલ્પકારો, સુક્ષ્મ-લઘુ અને મધ્યમ એકમોને ઉત્પાદનોની નિકાસમાં સક્ષમ બનાવે છે.

શ્રી ચંદ્રશેખરે કહ્યું, આ કેન્દ્રોના માધ્યમથી રત્ન અને નકલી આભૂષણ, કપડાં, ચામડાની વસ્તુઓ, હસ્તશિલ્પ, આયુર્વેદિક અને હર્બલ વસ્તુઓ સહિત અન્ય ગ્રાહકોની વસ્તુઓની નિકાસ કરવામાં આવે છે. તેમણે ઉંમેર્યું કે, સૌથી વધુ 93 ડાકઘર નિકાસ કેન્દ્ર ઉત્તરપ્રદેશમાં, જ્યારે કર્ણાટકમાં 76, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં 64—64 કેન્દ્ર આવેલા છે.

## LOKSABHA VIMAN BHADU

કેન્દ્ર સરકારે કહ્યું કે, અમે વિમાન કંપનીઓ દ્વારા નક્કી કરાયેલા વિમાનના ભાડામાં કોઈ પ્રકારનો હસ્તક્ષેપ નથી કરતા. નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ આજે લોકસભામાં વિમાનના ભાડામાં થયેલા ભાવવધારા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. શ્રી નાયડુએ કહ્યું, તેમના મંત્રાલય પાસે ભાડાના વર્તમાન ઢાંચામાં ફેરફાર કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, કેન્દ્ર સરકાર સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય વિમાન સેવાઓ દ્વારા નક્કી કરાયેલા ભાડા પર અંકુશ ના મૂકી શકે.

શ્રી નાયડુએ કહ્યું, સરકાર ઈચ્છે છે કે, સામાન્ય લોકો માટે વિમાનનું ભાડું ઓછું થાય. એક ખાનગી એરલાઈન દ્વારા વિમાનના ભાડામાં કરાયેલા ભાવવધારાના સવાલ અંગે તેમણે આ અંગે તપાસ કરાવવાનું પણ આશ્વાસન આપ્યું છે.

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## LS-UDYAM

ઉદ્યમ પોર્ટલ ઉપર પહેલી જુલાઇ 2020થી અત્યાર સુધીમાં નોંધાયેલા બે કરોડ 77 લાખ  વધુ ઔદ્યોગિક એકમોમાં 18 કરોડથી વધુ લોકોને રોજગારી મળી રહી છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના મંત્રી જીતનરામ માંઝીએ આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, આજ સમયગાળામાં 49 હજારથી વધુ એકમો વિવિધ કારણોસર  બંધ થયા છે.

## RS NUCLEAR

સમગ્ર દેશમાં 15 હજાર 300 મેગાવૉટની વીજઉત્પાદન ક્ષમતા ધરાવતા 21 પરમાણુ પ્લાન્ટની તૈયારી વિવિધ તબક્કામાં ચાલી રહી છે. પ્રધાનમંત્રી કાર્યાલયમાં રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે રાજ્યસભામાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું, દેશમાં 24 પરમાણુ પ્લાન્ટની

વર્તમાન પરમાણુ ઊર્જાક્ષમતા 8 હજાર 180 મેગાવૉટની છે, જે વર્ષ 2031–32 સુધી વધીને 22 હજાર 480 મેગાવૉટ કરાશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, પરમાણુ ઊર્જા પ્લાન્ટમાં વાર્ષિક વીજળી ઉત્પાદન વર્ષ 2013–14ના 34 હજાર 228 મિલિયન યુનિટથી વધીને 2023-24માં 47 હજાર 971 મિલિયન યુનિટ થયું છે.

## MEA-INDIA-CANADA

ભારતે કેનેડાની ધરતી પરથી કાર્યરત ભારત વિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવા કેનેડા સરકારને અનુરોધ કર્યો છે. વિદેશમંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે પત્રકારોને જણાવ્યું છે કે, કેનેડાએ સોશ્યલ મિડિયામાં પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડોને ધમકી આપનાર બે વ્યક્તિઓ સામે કાયદેસર કાર્યવાહી કરી છે.

જો કે, ભારતીય અગ્રણીઓ અને રાજદ્વારીઓને ધમકી આપનાર સામે આવી કાર્યવાહી કરાતી નથી. તેમણે વધુમાં કહ્યું કે, લોકશાહીને વરેલો દેશ અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય બાબતે જુદાજુદા માપદંડો અપનાવે ત્યારે તેને બેવડા ધોરણ ગણાવી શકાય.

## RS VISA

કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી કિર્તીવર્ધન સિંહે આજે રાજ્યસભામાં જણાવ્યું કે, હાલમાં 16 દેશ ભારતીય પાસપોર્ટધારકોને વિઝામુક્ત પ્રવેશ આપી રહ્યા છે. લેખિત જવાબમાં શ્રી સિંહે કહ્યું કે, 40 દેશ ભારતીય પાસપોર્ટધારકોને આગમન થતાં જ વિઝા અને 47 દેશ ઈ-વિઝાની સુવિધા આપી રહ્યા છે.

શ્રી સિંહે ઉંમેર્યું કે, કેન્દ્ર સરકાર એવા દેશોની સંખ્યા વધારવાના પ્રયાસ કરી રહી છે, જે વિશ્વભરમાં પ્રવાસને સરળ બનાવવા માટે ભારતીયોને વિઝામુક્ત પ્રવેશ, આગમન પર જ વિઝા અને ઈ-વિઝા સુવિધા પૂરી પાડી શકે.

## STUDENTS RETURN FROM BANGLADESH

બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે ફસાયેલા 6 હજાર 700થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અત્યાર સુધી સ્વદેશ પરત આવ્યા છે. નવી દિલ્હી ખાતે પત્રકારોને માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, ભારતને બાંગ્લાદેશ સરકારનો સંપૂર્ણ

સહયોગ મળ્યો છે. ઢાકામાં ભારતીય હાઈ કમિશનરે વિદ્યાર્થીઓને સરહદ પાર કરવા અને હવાઈમથક સુધી સલામત રીતે ખસેડવાની વ્યવસ્થા કરી છે.

શ્રી જયસ્વાલે કહ્યું કે, વિદ્યાર્થીઓની મદદ માટે હેલ્પલાઈન સેવાઓ પણ ચોવીસ કલાક કામ કરી રહી છે. શ્રી જયસ્વાલે આશા વ્યક્ત કરી કે, બાંગ્લાદેશમાં સ્થિતિ ટૂંક સમયમાં સામાન્ય થઈ જશે.

## WEATHER

હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, આજે સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ અને મરાઠવાડાના વિવિધ સ્થળ તેમજ મધ્યપ્રદેશમાં આવતીકાલ સુધી ભારે વરસાદની શક્યતા છે.

જ્યારે 27મી જુલાઈ સુધી દક્ષિણ કર્ણાટકના દરિયાકાંઠાના વિવિધ સ્થળ પર અને કાલે ઉત્તરી કર્ણાટકમાં ભારે વરસાદ થઈ શકે છે. આવતીકાલે અને 27મી જુલાઈએ ઉત્તર ભારત, પૂર્વ રાજસ્થાન અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## WOMEN ASIA CUP CRICKET

શ્રીલંકામાં યોજાઇ રહેલ મહિલા એશિયા કપ ક્રિકેટ સ્પર્ધાની સેમિફાઇનલ મેચ આવતીકાલે રમાશે. બપોરે બે વાગ્યે યોજાનારી પહેલી સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો થશે. જ્યારે સાંજે સાત વાગ્યાથી યોજાનારી બીજી સેમીફાઇનલમાં યજમાન શ્રીલંકા પાકિસ્તાન સામે રમશે. શ્રીલંકાએ ગઈકાલે દામ્બુલામાં તેના અંતિમ ગ્રુપ મુકાબલામાં થાઈલેન્ડ સામે દસ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો.